દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬

# આવકની સાથે પ્રજાની સુખાકારી પણ વધવી જોઇએ

ભારતનું અર્થતંત્ર ઝડપભેર વિકસી રહ્યું છે અને તે વિશ્વના ચોથા ક્રમના સૌથી મોટા અર્થતંત્રનું સ્થાન તો પ્રાપ્ત કરી ચુક્યું છે, પરંતુ આની સામે દેશની વસ્તી પણ ઘણી વિશાળ છે. દેશની કુલ આવક અને મિલકતો આ વસ્તી વચ્ચે વહેંચાતા માથાદીઠ આવક તો ઓછી જ રહે છે. કોઇ પણ દેશની પ્રજાની સુખાકારી જાણવા માટે તે દેશની માથાદીઠ આવક જાણવી જરૂરી છે. જો કે તે પણ અંતિમ માપદંડ તો નથી જ, પરંતુ તેના પરથી ઘણો ખયાલ આવી શકે છે. વિશ્વ બેંક દ્વારા વિશ્વના દેશોને માથાદીઠ આવકના આધારે જુદી જુદી શ્રેણીઓમાં વહેંચવામાં આવ્યા છે જેમ કે નીચી આવક ધરાવતા દેશો, નિમ્ન મધ્યમ આવક ધરાવતા દેશો, ઉચ્ચ મધ્યમ આવક ધરાવતા દેશ અને ઉંચી આવક ધરાવતા દેશો. ભારત અત્યારે નિમ્ન મધ્યમ આવકની શ્રેણીમાં આવતો દેશ છે પરંતુ હાલમાં કરવામાં આવેલા એક અભ્યાસ મુજબ ભારત ચાર-પાંચ વર્ષમાં ઉચ્ચ મધ્યમ આવક ધરાવતા દેશની શ્રેણીમાં પ્રવેશ કરે તેવી શક્યતા છે.

સ્ટેટ બેંક દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ તારણ બહાર આવ્યું છે. SBI રિસર્ચના અહેવાલ મુજબ, ભારત 2030 સુધીમાં વિશ્વ બેંકની 'અપર-મિડલ ઇન્કમ' (ઉચ્ચ-મધ્યમ આવક) શ્રેણીમાં પ્રવેશ કરે તેવી અપેક્ષા છે. ભારત સરકાર દેશને આઝાદીના ૧૦૦ વર્ષ પુરા થવા પ્રસંગે એટલે કે ૨૦૪૭ના વર્ષ સુધીમાં એક વિકસીત દેશ બનાવવા માગે છે, અને તે માટે તેણે ઉચ્ચ આવકની શ્રેણીમાં પ્રવેશવું જરૂરી બનશે. જો કે અભ્યાસ મુજબ 2047 સુધીમાં 'હાઈ-ઇન્કમ' સ્ટેટસ મેળવવા માટે વધુ ઝડપી વૃદ્ધિની જરૂર પડશે.

નોંધનીય છે કે, ભારતને ઉચ્ચ-મધ્યમ આવકની શ્રેણીમાં પ્રવેશવા માટે હજુ બીજા ચાર વર્ષ લાગી શકે છે, પરંતુ તે 2028 સુધીમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા અને 2027-28 સુધીમાં 5 ટ્રિલિયન ડોલરના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) સુધી પહોંચવા માટેની શક્યતાઓ ધરાવે છે. SBI રિસર્ચના અહેવાલ મુજબ, આગામી ચાર વર્ષમાં માથાદીઠ આવક 4,000 ડોલરને સ્પર્શવાની ધારણા સાથે ભારત 2030 સુધીમાં વિશ્વ બેંકની ઉચ્ચ-મધ્યમ આવક શ્રેણીમાં જવાની અપેક્ષા છે. આ મૂલ્યાંકન ગ્રોસ નેશનલ ઇન્કમ (GNI)ના માથાદીઠ વલણો અને છેલ્લા બે દાયકામાં ભારતના વૃદ્ધિના રેકોર્ડ પર આધારિત છે. રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે ભારત 2007માં લોઅર-મિડલ ઇન્કમ (નિમ્ન-મધ્યમ આવક) ધરાવતો દેશ બન્યો હતો, તેને લો-ઇન્કમ (ઓછી આવક)ના ગ્રુપમાંથી બહાર આવતા લગભગ 60 વર્ષ લાગ્યા હતા. અહેવાલ વધુમાં જણાવે છે કે માથાદીઠ GNI 2030 સુધીમાં 4,000 ડોલર સુધી પહોંચી શકે છે, જે ભારતને ચીન અને ઇન્ડોનેશિયા જેવા દેશોની સાથે ઉચ્ચ-મધ્યમ આવક જૂથમાં મૂકશે.

ભવિષ્ય તરફ નજર નાખતા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, 2047 સુધીમાં ઉચ્ચ આવક ધરાવતા સ્ટેટસ સુધી પહોંચવાની ભારતની ક્ષમતા માથાદીઠ આવકની વૃદ્ધિની ગતિ પર નિર્ભર રહેશે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, જો આપણે 2047 સુધીમાં પહોંચવા માટે ઉચ્ચ આવક ધરાવતા દેશ માટે હાલની 13,936 ડોલરની માથાદીઠ GNI મર્યાદાને ધ્યાનમાં લઈએ, તો ભારતની માથાદીઠ GNI માં 7.5 ટકાના કમ્પાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ (CAGR) થી વધારો થવો જોઈએ. જો કે, રિપોર્ટમાં એ બાબત તરફ નિર્દેશ કરાયો છે કે હાઈ-ઇન્કમ માટેની મર્યાદા સમય જતાં વધવાની શક્યતા છે. જો વિશ્વમાં સારા જીવન ધોરણ માટે વધુ ખર્ચની જરૂર પડતી જણાય તો વિશ્વ બેંક આ મર્યાદા વધારી પણ શકે છે. જો ઉચ્ચ આવક ધરાવતા દેશ માટેની મર્યાદા બદલાઈને 18,000 ડોલર થઈ જાય, તો ભારતની માથાદીઠ GNI માં આગામી 23 વર્ષમાં લગભગ 8.9 ટકાના ઊંચા દરે વૃદ્ધિની જરૂર પડશે. આ ઝડપી વૃદ્ધિ તો જરૂરી છે જ, પરંતુ આવક વધવાની સાથે સંસાધનોની ઉપલબ્ધી પણ વધવી જરૂરી છે.

આપણે જોઇ શકીએ છીએ કે આવક વધવા છતાં ઘણા મોટા વર્ગની સુખાકારી વધી નથી, બલ્કે સમાજના એક મોટા વર્ગની હાડમારીઓ વધી છે. આજે ગરીબ વર્ગ માટે જ નહીં, પણ મધ્યમ વર્ગ માટે પણ ઘર ખરીદવા જેવી બાબતો ખૂબ મુશ્કેલ બનતી જાય છે. આ બધી સમસ્યાઓનો ઉકેલ આવે તો જ પ્રજાકીય સુખાકારી ખરા અર્થમાં વધી શકે.

## દરેકની પોતપોતાની ભૂમિકા

એક રૂમમાં બરાબર બધાનું ધ્યાન જાય તેવી જગ્યાએ વચ્ચોવચ દિવાલ પર એક સુંદર ઘડિયાળ લગાવેલી હતી અને તે જ રૂમના દરવાજા પાછળ એક કેલેન્ડર લગાવેલું હતું. ઘડિયાળને પોતાની ટિક ટિક પર બહુ ગર્વ હતો. બધા હમેશાં તેને જોતાં. તે જે સમય દેખાડતી તે પ્રમાણે બધાં પોતાનાં કામ કરતાં,એટલે તેને વધુ અભિમાન થતું કે 'મારા વગર કોઇને ખબર ન પડે કે સમય શું થયો છે? કે કેટલો સમય પસાર થઇ ગયો છે? હું એક એક ક્ષણ ગણી શકું છું અને બધાને બતાવી શકું છું.'

આ બાજુ બારણા પાછળ કેલેન્ડર શાંતિથી ટંગાયેલું રહેતું.બે ચાર દિવસે કોઈ આજે કઈ તારીખ કે કયો દિવસ છે તે જોવા માટે તેની તરફ નજર નાખતું. બાળકો તો રજા ક્યારે છે તે જોવા તેની પાસે આવતાં.બાકી તો કેલેન્ડર લટકેલું રહેતું.

ઘડિયાળ પોતાના અભિમાનમાં રોજ કેલેન્ડરની મજાક ઉડાડતી કે, 'હું તો એક એક પળનો હિસાબ રાખું છું અને તું તો એક એક દિવસ બદલે છે એટલે મારું મહત્ત્વ બહુ વધારે છે. લોકો મને સતત જુએ છે અને તારી પર તો ધ્યાન આપતાં જ નથી.' કેલેન્ડર સામે કોઈ બોલતું નહિ ચુપચાપ સાંભળી લેતું.



એક દિવસ ઘડિયાળ બગડી ગઈ. તેની ટિક ટિક બંધ થઈ ગઈ. તેને લાગ્યું, હવે સમય થંભી જશે પણ એવું કંઈ થયું નહિ. બધાંનાં કામ રાબેતા મુજબ સમય પ્રમાણે થયાં. ઘડિયાળના અટકવાથી કોઈ બીજું અટક્યું નહિ ત્યારે ઘડિયાળનું અભિમાન ઊતર્યું.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

કેલેન્ડરે કહ્યું, 'તારી ટિક ટિક બંધ થઇ ગઈ પણ કોઈ અટક્યું નથી સમજી, ટિક ટિક કરીને એક એક પળ ગણવી તારું કામ છે અને એક એક દિવસ કે એક એક મહિના અને વર્ષ વિષે માહિતી આપવી મારું કામ છે. આપણે આપણું કામ કરીએ તે જ મહત્ત્વનું છે. તું બહુ સારું કામ કરે છે અને બધું તારા પર અવલંબે છે અને તારા સમય દેખાડવા પર જ બધાં કામ થાય છે તે તારી માત્ર માન્યતા હતી. આજે તું બંધ પડી છે પણ બીજું કંઈ અટક્યું નથી એટલે ખોટું અભિમાન ન રાખ અને એટલું સમજી લે કે જીવનમાં દરેકનું પોતપોતાનું મહત્ત્વ હોય છે.'

કેલેન્ડરની વાત સાંભળી ઘડિયાળને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તે બોલી, 'મને માફ કરજે કે મેં તારી મજાક ઉડાડી. હવે મને સમજાઈ ગયું છે કે કોઇ પણ વસ્તુ કે તેનું કાર્ય નાનું કે મોટું હોતું નથી. દરેકની પોતાની ભૂમિકા હોય છે.'

આ રૂપક કથા સમજાવે છે કે જીવનમાં, સમાજમાં, ઘરમાં દરેકની પોતપોતાની ભૂમિકા હોય છે. બધાં અલગ અલગ કામ કરે છે.પોતાના કામને મહત્ત્વનું ગણી અભિમાન કરીએ અને બીજાના કામને નાનું કે નકામું ગણીને અવગણવા કરતાં એકબીજાનું મહત્ત્વ સમજીએ તો જીવન વધુ સુમેળભર્યું બની જાય.

# સૌહાર્દ સ્વીકાર અને સમભાવનાને બદલે જાતિ, પ્રજાસત્તાકનું પ્રતીક બન્યું છે

## અવારનવાર

**ડો.નાનક ભટ્ટ**

**ધર્મ, જાતિ, જ્ઞાતિ જેવા પારંપારિક માપદંડોથી દેશના સીમાડાઓ વચ્ચે જન્મેલ નાગરિક લોકશાહીનો રખેવાળ બનવાલાયક ઠરે છે, જે સ્વયં દુ:ખદ છે, ચિંતાકારી છે**

આઝાદીના અમૃતકાળે પણ આજે વ્યક્તિ પોતાને ભારતના નાગરિક તરીકે નહીં, પણ હિંદુ, મુસલમાન, શીખ, ઈસાઈ તરીકે પોતાની વજૂદ ઓળખ આપવી પડે છે. દલિત અને મહિલા તેવી બે નવી પહેચાન સ્વરાજનું ફરજંદ બની છે, જે હકીકત સ્વાતંત્ર્યની વરમાળામાં કાંટાની જેમ ભોંકાઈને લોકશાહીનો શ્વાસ રૂંધે છે.

ક્રિકેટની રમતમાં એક રન હાર અથવા જીત માટેનું પર્યાપ્ત કારણ ગણાય છે, તેમ ચૂંટણીમાં એક મતનો ખેલ બંધારણીય સ્થિતિ નિર્ધારિત કરવા માટે પ્રમાણભૂત ગણાય છે અને આથી જ તો 'ગરીબી નિવારણ માટે અર્થકારણ અને સેવાકાર્ય માટે રાજકારણ'નો મહિમા હાર-જીતના દાવપેચમાં તબદિલ થયો છે. ગામના સરપંચથી લઈ દેશના રાષ્ટ્રપતિ સુધીનાં ઉમેદવારોની પસંદગીમાં વિજયની સંભાવના એકમાત્ર આધાર તરીકે જોવામાં આવે છે.

જીવનને ટૂંકાવીને જવાબદારીઓમાંથી મુક્ત થવા પ્રેરતી મોંઘવારી, શિક્ષણ, આરોગ્ય, સંપર્ક જેવી પ્રાથમિક સુવિધાઓની મુશ્કેલ સ્થિતિ વેંઢારતો સામાન્ય માણસ તો ખાતરીપૂર્વક કહે છે કે 'જો જીતા વહી સિકંદર', પરંતુ આવા મહિમાગાન વચ્ચે સ્વરાજની લડત સમયે મહાત્મા ગાંધી અને હજારો બલિદાનવીરોએ અપનાવેલ સાધનશુદ્ધિનો રાહ આજે તો આશ્વાસનોમાં પણ હાથ લાગવો મુશ્કેલ દેખાય છે.

આવી હાલાત વચ્ચે ચૂંટણીલક્ષી જમીની હકીકત તો એવી છે કે ૯૮% ઉમેદવારો કાં તો પૈસાના જોરે, કાં તો બાવડાના બળે અથવા તો કૌટુંબિક વારસાના હકથી ટિકિટ મેળવે છે અને મતદારોએ તો ઓછું ખરાબ સમજી મતદાન કરવું પડે છે. જમીની હકીક્ત એ પણ બને છે કે વર્તમાન સમયમાં પક્ષના પ્રતિનિધિ તરીકે સેવાપરાયણ, રાષ્ટ્રભક્ત, પ્રામાણિક, ચારિત્ર્યવાન ઉમેદવારની પસંદગી નથી તે પક્ષનું ધોરણ બનતું નથી. અપક્ષ તરીકે ચૂંટણી લડવા માટેનું સામાજિક ધોરણ બનતું નથી. આથી નિર્વિકલ્પે ધર્મ, જાતિ, જ્ઞાતિ જેવા પારંપારિક માપદંડોથી દેશના સીમાડાઓ વચ્ચે જન્મેલ નાગરિક લોકશાહીનો રખેવાળ બનવાલાયક ઠરે છે, જે સ્વયં દુ:ખદ છે, ચિંતાકારી છે ત્યારે વિશ્વની સહુથી વધુ જનસંખ્યા ધરાવતા દેશની લોકશાહીમાં ચૂંટાતાં પ્રજાનાં પ્રતિનિધિઓ સૌહાર્દ, સ્વીકાર અને સમભાવનું પ્રતિનિધિત્વ કરવાના બદલે જે પશ્ચાદ્ ભૂમિકા લઈને બંધારણીય આસન ઉપર આરૂઢ થાય છે તે સ્વયં લોકશાહી માટે ખતરારૂપ છે. જે વાતને સ્વીકારી એક નવા દૃષ્ટિકોણથી જન-પ્રતિનિધિને ચૂંટી લોકશાહીને ટકાવી રાખવા પ્રબુદ્ધ નાગરિકોએ વિચારવું રહ્યું.

ઈતિહાસ નોંધે છે કે ગણરાજ્યોની સંભાવના નષ્ટ થતાં રાજાશાહી ઉદય પામી, તેના સ્થાને ક્યાંક શસ્ત્રોના જોરે સરમુખ્યત્યારો પ્રવેશ્યા. સમય જતાં સમાન હેતુથી જોડાયેલ સંગઠનો લેફ્ટીસ્ટ તરીકે વિશ્વના કેટલાક દેશમાં રાજ્યશાસક બન્યાં. આ બધાં પરિબળો પ્રજાતંત્ર માટે બુદ્ધિગમ્ય તો નથી જ, પરંતુ ૨૧મી સદીમાં એક નવું પરિમાણ વિસ્તરી રહ્યું છે તે 'એક ધર્મ પાળતા સમુદાયનું પ્રભુત્વ' જે સમયાંતરે વિધ્વંસકારી સાબિત થતું જોવા મળી રહ્યું છે.

માનવસમુદાયે ૮-૧૨ હજાર વર્ષના સાતત્યથી વિકસાવેલ માનવમૂલ્યોના સ્થાને ઈસા પૂર્વે ૧૪૭૪ વર્ષથી ઊભરી આવેલ મુસ્લિમ સમુદાય શેરિયતની રીતરસમોને આખરી માનવાનો દુરાગ્રહ રાખી બહુમતીના જોરે પ્રજાતંત્રના આધારસ્તંભ સમાન વ્યક્તિસ્વાતંત્ર્ય, સૌહાર્દ, સત્ય અને સમભાવને એક તરફ ધકેલી રહ્યું છે. આથી, અફઘાનિસ્તાન માફક દુનિયાના અન્ય દેશોમાંથી પણ માનવીય મૂલ્યોની બૌદ્ધિક યાત્રા સ્થગિત થતી જોવા મળે છે.

જૈવિક વિજ્ઞાનના આધારે જોઈએ તો પણ બ્રહ્માંડમાં પૃથ્વીને ઓળખ આપનાર મનુષ્ય અને છેલ્લાં ૪ કરોડ વર્ષથી પૃથ્વી પર વિકસેલ વાનર રંગસૂત્રો તો ૯૯% સરખા છે. આમ છતાં, બે પગ ઉપર સીધી કમરથી ઊભાં રહેલાં માનવ-મસ્તિષ્કે જે મૂલ્યો વિકસાવ્યાં છે તે માત્ર ૧%નો ચમત્કાર ગણી શકાય. કાળક્રમે માનવજાતે આત્માના સ્વભાવ તરીકે પોતાનાં જીન્સમાં અપનાવેલ સ્વતંત્રતા, નિર્ભયતા, આનંદ, શાંતિ, પ્રેમ જેવા ભાવો જળવાઈ રહે તે માટે પણ મુક્ત માનવજીવનને પ્રેરતા ધર્મો અને રાજકીય પક્ષ જ લોકશાહીમાં રાજ્ય કરવાલાયક ઠરે છે.

પરંતુ ઈતિહાસ નોંધે છે કે જમીની સ્થિતિ બદલાય છે ત્યારે સમાજે પોતાના આચારવિચાર બદલ્યા છે. ઉદાહરણ તરીકે મોહેં-જો-દરો, હડપ્પન સંસ્કૃતિમાં પુરુષાર્થનું મહત્ત્વ હતું. પુરુષાર્થ પ્રતિમાઓ સ્થાપત્ય તરીકે વિકસેલ, પરંતુ ત્યાર બાદ ઉપનિષદ્ કાળમાં કપિલ મુનિએ સાંખ્યદર્શન આપી ધ્યાનસ્થ ચિંતનનો દૃષ્ટિકોણ વિકસાવ્યો તો જગત ઉપર અહિંસા જેવો પ્રબળ સામાજિક ભાવ વિશ્વભરની માનવતાને અસરકર્તા બન્યો. જૈન અને બૌદ્ધ રાજાઓની પરંપરામાં કેન્દ્રવિચાર બન્યો અને સ્વતંત્ર ભારતની લડતનો આધાર અહિંસા બની. એટલું જ નહીં પણ ભારતના બંધારણે અહિંસક જીવનના સ્વીકાર તરીકે સામાજિક સૌહાર્દને સ્વસ્થ નાગરિક જીવન તરીકે સ્વીકાર્યું. અહીં એક તર્ક તો બિલકુલ સ્પષ્ટ છે કે ભારતની લોકશાહીએ સમયાંતરે પોતાના પારંપારિક ખ્યાલો બદલ્યા છે અને તેનાં ઉત્તમ પરિણામો નાગરિક સ્વાતંત્ર્યને ટકાવી રાખવા બળરૂપ બન્યાં છે ત્યારે પુખ્ત વયના નાગરિકના એક મતનું પુનઃમૂલ્યાંકન માગે છે.

સંયુક્ત આરબ અમીરાત અને ઈઝરાયલનાં રાજકીય ગઠબંધનને ટકાવી રાખવા રાજકીય ઈચ્છાશક્તિથી અબ્રાહમ નામે સંપ્રદાય પ્રચલિત કરવાનો પ્રયોગ છેલ્લાં ૧૧ વર્ષથી બંને રાષ્ટ્રોમાં ગતિમાન છે, જેમાં કુર્રાન-બાઈબલ અને યહુદીઓના ધર્મગ્રંથ તૈરાતના સમાન વિચારોને નવા ધર્મ તરીકે વિસ્તારવા કામ થઈ રહ્યું છે, પરંતુ ઈતિહાસ નોંધે છે કે, નાગરિકોની ધાર્મિક વિચારસરણી એક કરવાનું અત્યંત કઠીન હોય છે અને આથી જ તો દુનિયામાં ૫૭ મુસ્લિમ વિચારસરણીના શાસક દેશો અબ્રાહમ વિચારસરણીનો વિરોધ કરે છે, તેથી વિશેષ ભારતનાં ૨૮ કરોડ મુસ્લિમ મતદારો પણ શેરિયતથી વિરુદ્ધ વિચારની તરફેણમાં ઉત્સાહિત નથી જણાતાં.

દુનિયાની જમીની હકીકતોને સ્વીકારી ભારતે પોતાની ૮૦૦૦ વર્ષની ભારતીયતા જાળવવા પુખ્ત વયનાં નાગરિકોના એકમતની વ્યવસ્થાનું પુનઃમૂલ્યાંકન કરવું અનિવાર્ય બને છે, જેથી બહુમતીને જોરે શેરિયત આધારિત વિચારસરણી શાસનપ્રથા ન બની જાય. પ્રક્રિયા કઠિન છે પણ, અનેક રાજકીય, ધાર્મિક અને સામાજિક દૂષણોમાંથી માનવજાતને બહાર કાઢવાનો રામબાણ ઈલાજ પણ આ જ છે, જે નિર્વિવાદ જણાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### બાંગ્લાદેશમાં હિન્દુઓની મૂળ સોતા ઉખડી જવાની પીડા

બાંગ્લાદેશમાં અવામી લીગના સુપ્રીમો શેખ હસીના સરકારના પતન પછી નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસના રાજમાં હિન્દુઓની જાહેરમાં ક્રૂરતાપૂર્વક હત્યા કરવા, કાતીલ ઝેર પીવડાવવા, ઘરોને સળગાવી દેવા, જમીનો પડાવી લેવા, હાથ-પગ કાપી નાખવા, હિન્દુ બહુમતી વિસ્તારોના પોલીસમથકો બંધ કરવા, પોલીસ વિભાગમાં કોન્સ્ટેબલથી લઈને ઉચ્ચ હોદ્દાઓ પર હિન્દુઓની નિયુક્તિ પ્રતિબંધિત કરવા, એસપી-ડીઆઈજીના પદો પર એકસોથી વધારે હિન્દુ અમલદારોને પાણીચું આપવા આદિની અગણિત ઘટનાઓ બની છે. આ ઉપરાંત બાંગ્લાદેશમાં ભયંકર હુમલાઓના ડરથી એક હજારથી ઓછા દુર્ગા પંડાલ બનવા, હિન્દુ મહિલાઓ પર સામૂહિક બળાત્કાર કરવા અને અત્યાચારોના કારણે હિન્દુ મહિલાઓના આપઘાત કરવા ઈત્યાદિના અનેક કિસ્સાઓ બન્યા છે. બાંગ્લાદેશમાં છેલ્લા ૫૦ વર્ષમાં લાખો હિન્દુઓની હત્યા કરાઈ છે.

**મણિનગર, અમદાવાદ - જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ**

### વાંચન અંગે વિશાળ દષ્ટિકોણનું વિવેચન

19 મી જાન્યુઆરીના ગુજરાતમિત્રનાં ચર્ચાપત્રમાં શ્રી નેહાબેન શાહ વાંચન અંગે જે લખે છે એ વિદ્યાર્થી જીવનની યાદ અપાવે છે. વાંચન એ આત્માનો ખોરાક છે, એકાગ્રતાની કસોટી છે અને ચોક્કસ વૈચારિક ભૂમિકાની મૂડી છે. વાંચનથી વિચારોની સ્થિરતા સમજણની ગુણવત્તા અને અર્થઘટન કરવાની ક્ષમતામાં સતત વધારો થાય છે એ અનુભવ્યું છે. "વકીલાતનો તો ધંધો જ વાંચન", જે શીખીને સમજીને લખું છું એ ચોક્કસ ગુજરાતી માતૃભાષાનાં સંવર્ધન અંગે શ્રી કે.વી.નાયક સાહેબ ગુજરાતી ભાષા, શાળામાં ફરજિયાત ભાષા તરીકે ભણાવાય તેવો કાયદો થાય એ ઝુંબેશનું કારણ છે. જય જય ગરવી ગુજરાત

**નવસારી - રાજેન્દ્રસિંહ**

### ચારધામ મંદિરોમાં મોબાઈલ પર પ્રતિબંધની જાહેરાત

કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી અને ગંગોત્રીની આ પાવનકારી ધાર્મિક યાત્રાનાં સ્થળે મોબાઈલને કારણે થતા વારંવારનાં વિવાદને ધ્યાનમાં રાખી ઉત્તરાખંડ સરકારે ચારધામ યાત્રા મંદિરમાં અને તેની આસપાસમાં મોબાઈલ પર પ્રતિબંધ મૂક્યો છે. એક રીતે આ પ્રતિબંધને કારણે શ્રદ્ધાળુઓમાં સ્થળ પ્રત્યેની એકાગ્રતા વધશે અને મોબાઈલ વિના રિલેક્સ થઈ સ્થળનાં માહોલને માણી શકશે અને તે સાથે આવું પણ કરી શકાય કે આ ધાર્મિક સ્થળોએ જામર લગાડી મોબાઈલ દ્વારા વાયરલ થતા ફોટા વીડિયો અટકાવી શકાય. ચારધામ યાત્રા વારંવાર થઈ શકે તેવી સરળ અને આર્થિક રીતે પોસાય તેવી ધાર્મિક યાત્રા નથી. તેથી યાત્રાળુઓ સ્થળ પરની યાદોને સંગ્રહી રાખવા માટે ફોટા કે વીડિયો બનાવતા હોય છે પણ મોબાઈલનો દૂરુપયોગ થતો હોવાથી સરકારને આવો નિર્ણય લેવો પડ્યો તે મોબાઈલધારકો માટે દુઃખદ છે. ત્યાંના સ્થાનિક પ્રોફેશનલ ફોટોગ્રાફરો દ્વારા શ્રદ્ધાળુઓ મર્યાદામાં રહીને જેવા ઈચ્છે તેવા ફોટો પડાવી શકે તેવી વ્યવસ્થા સરકાર કરે તો પણ યાત્રાળુઓને આ પ્રવાસને યાદો સંગ રહી શકે. ઉત્તરાખંડ સરકાર આ બાબતે યોગ્ય નિર્ણય લઈ યાત્રાળુઓને આ બાબતને સુવિધા કરી આપશે તેવી આશા.

**સુરત - પરેશ ભાટીયા**

### ડરપોક ડાબેરી બુધ્ધિજીવીઓ

બાંગ્લાદેશ, શ્રીલંકા અને નેપાળમાં કહેવાતી જેન-ઝી યુવા પેઢી ત્યાંની ભ્રષ્ટ સરકારો સામે રસ્તા પર આવી ત્યારે આપણાં દેશના ડાબેરી બુધ્ધિજીવીઓ માટે આ યુવા પેઢી 'યુવા ક્રાંતિ'નું મોડેલ બની ગયું હતું. પ્રિન્ટ મીડિયામાં પહેલા પાને મોટા ફોટા સાથે સમાચારો પ્રકાશિત થયેલા. સોશ્યલ મીડિયાના ખૂણેખૂણે આ દેશના યુવાનોના ગુણગાન ગવાતા હતા, ક્રાંતિના ઢોલકા વાગતા હતા. આ બુદ્ધિજીવીઓને જાણે આપણાં દેશમાં પણ ક્રાંતિની સુવાવડનું વેણ ચડ્યું હોય એવો આભાસ થતો હતો. પણ અત્યારે ઈરાનના ૨૯ શહેરોમાં યુવાનો અને મહિલાઓ રસ્તા પર છે. ખાસ કરીને મહિલાઓ ત્યાના ધાર્મિક રૂઢિવાદ સામે માથું ઊંચકી, વર્તમાન વ્યવસ્થાને ઊથલાવવા તત્પર થઈ છે. ત્યારે બાંગ્લાદેશ, શ્રીલંકા અને નેપાલ વખતે ખુશ થવાવાળાઓ આ ઈરાનની ક્રાંતિ વખતે બેભાન થઈ ગયા છે. તેમની ક્રાંતિઓ કોમામાં જતી રહી છે. અહીં આપણાં ક્રાંતિકારીઓના સૂત્રોચ્ચાર બંધ થઈ ગયા છે. સોશ્યલ મીડિયા પરની ક્રાંતિ ગાયબ થઈ ગઈ છે. રોમેન્ટીક અને ક્રાંતિથી ધગધગતા નિબંધોનો દુકાળ પડ્યો છે. નેપાળમાં ચૂંટાયેલી સરકાર સરકાર સામે વિરોધ હોય તો ક્રાંતિ, અને ઈરાનમાં ધાર્મિક સરમુખત્યારશાહી સામે લડત હોય તો મૌન? આ સગવડવાદી ક્રાંતિની સાચો ચહેરો છે. એકતા બતાવવામાં પણ જો આટલી પસંદગી રાખવી પડતી હોય તો તે આદર્શ નથી. આ પસંદગીનો એજન્ડા છે અને દેશના ડાબેરી બુદ્ધિજીવીઓનું બુઠ્ઠું હથિયાર છે. આપણા દેશના ડાબેરી બુધ્ધિજીવીઓ કેટલા ડરપોક છે તેનું આ ઉદાહરણ છે.

**ધામડોદ રોડ, બારડોલી - કેદાર રાજપૂત**

### પતિની કદર કરવાનો દિવસ - વાસ્તવિકતા

તા- ૨૦ જાન્યુઆરી, પતિની કદર કરવાના દિવસ તરીકે જાણીતો છે. તે અંગે થોડી વાસ્તવિકતા પર એક નજર કરીએ. લગ્ન પછી પતિ અને પત્ની એક સિક્કાની બે બાજુ થઈ જાય છે. જો એકબીજાને સહન ન કરી શકતા હોય તો પણ સાથે રહે છે. એક સારી પત્ની તેના પતિને હંમેશા માફ કરી દેતી હોય છે જ્યારે તે ખોટો હોય છે. જ્યારે પ્રેમમાં હોય ત્યારે વાત જ જુદી હોય લગ્ન થયા પછી વાત જુદી થઈ જાય. શું થયું? લગ્ન એક સુંદર જંગલ જેવું છે જ્યાં બળવાન સિંહો પણ હરણીઓનો શિકાર બનીને મૃત્યુ પામે છે. હવે થોડું હસો, લગ્ન થયા પછી મોટેભાગે પતિ તેના સાસુ-સસરાને કહે છે કે તમારી દિકરીને તેની બાકીની જીંદગી સુખી અને ખુશ રાખીશ પણ આવું પત્ની તેના સાસુસસરાને ક્યારેય કહેતી હોતી નથી. જો પત્નીએ પતિનું ધ્યાન ખેંચવું હોય તો તેણે દુઃખી અને અસ્વસ્થ દેખાવું પડે જ્યારે પતિએ પત્નીનું ધ્યાન ખેંચવું હોય તો તેણે સ્વસ્થ અને સુખી દેખાવું પડે. એક ફિલોસોફર પતિ કહે છે : દરેક પત્ની તેના પતિની 'MISTRESS' હોય છે. પહેલા વર્ષમા 'MISS' અને બાકીની જીંદગી 'STRESS'. પતિની જીંદગી 'Split AC' જેવી. બહાર ગમે તેટલો અવાજ હોય અંદર તો Silent જ રહેવું પડે.

**નાનપુરા, સુરત- સુરેન્દ્ર દલાલ**

### ખાંડનો ઉપયોગ ઓછો કરો

અમેરિકામાં જનતાના આરોગ્યને ધ્યાનમાં લઈ ખોરાક અંગેની નવી ગાઈડલાઈન જાહેર થઈ છે. જેમાં ખોરાકમાં ખાંડ તથા પ્રોસેસ ફૂડના ઉપયોગ ઉપર ખૂબ જ અંકુશ મૂકવામાં આવ્યો છે. વધારે પ્રોટીનયુક્ત તથા સારી ચરબીયુક્ત ખોરાકને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. વધારે પડતા ખાંડ તથા પ્રોસેસ ફુડને કારણે લોકો લાંબા ગાળાના રોગો જેવા કે ડાયાબિટીસ, મેદસ્વિતા, લોહીનું ઊંચું દબાણ, હ્રદય રોગ જેવા રોગોના શિકાર બને છે અને જેના કારણે દર્દીઓને તથા દેશને માંદગી પાછળ ઘણો ખર્ચ થાય છે જે દેશની તથા લોકોની આર્થિક પરિસ્થિતિને પણ ભારણરૂપ થાય છે. જાહેર થયેલી ગાઈડલાઈન મુજબ વધારે પ્રોટીનયુક્ત ખોરાક જેવા કે કઠોળ, ઈંડાં, માંસાહાર ત્યાર બાદ સારી ચરબીયુક્ત ખોરાક જેવા કે ઓલિવ ઓઈલ તથા માખણનો ઉપયોગ કરવાનો છે. પછી તાજાં ફળ તથા શાકભાજીનો ક્રમ આવે છે. બાદમાં અનાજ જેવા કે ઘઉં ,ચોખા, બાજરીને મહત્ત્વ આપવામાં આવ્યું છે. એક ટંક ભાણામાં ૧૦ ગ્રામ કરતાં વધારે ખાંડનો ઉપયોગ કરવો નહીં. વધારે પડતા રિફાઈન્ડ ફુડ, પ્રોસેસ ફુડ તથા જંક ફુડ જેવા કે ચિપ્સ, પીણાં વગેરે શક્ય એટલાં ટાળવાં. કૃત્રિમ સેકરીન તથા પ્રિઝરવેટીવ ધરાવતા ખોરાકને પણ ટાળવા જરૂરી છે. રોજનું માત્ર ૨.૩ ગ્રામ કરતાં વધારે મીઠું લેવું નહીં. આ પ્રકારના સ્વસ્થ ખોરાકને જો અપનાવવામાં આવશે તો લોકોનું સ્વાસ્થ્ય સારું રહેશે.

**અમેરિકા - ડૉ.ચંદ્રેશ જરદોશ**

# શું મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ હવે ભવિષ્યમાં વડા પ્રધાનપદના ઉમેદવાર છે?

**મહારાષ્ટ્ર મહાનગરપાલિકા ચૂંટણીમાં ભાજપની ઐતિહાસિક જીત: દેવેન્દ્ર ફડણવીસનું વધતું કદ**

## ફિંગર પ્રિન્ટ

**શેખર ઐયર**

**ફડણવીસે પણ સ્થાનિક ચૂંટણીઓમાં એવી રીતે પ્રચાર કર્યો જાણે વિધાનસભા કે સંસદીય ચૂંટણી હોય. દરરોજ અનેક રેલીઓને સંબોધિત કરી હતી અને એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જઈને સુશાસન અને વિકાસને પોતાનો મુખ્ય મુદ્દો બનાવ્યો હતો**

મહારાષ્ટ્રની મહાનગરપાલિકા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની ઐતિહાસિક જીતે દેવેન્દ્ર ફડણવીસ પર સૌનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હવે તેમને પીએમ મોદીના યુગ પછી યુપીના સીએમ યોગી આદિત્યનાથની જેમ સંભવિત ભાવિ વડા પ્રધાનપદના ઉમેદવાર તરીકે જોવામાં આવી રહ્યા છે. ભાજપ-શિવસેના (શિંદે) મહાયુતિ ગઠબંધને મહારાષ્ટ્રની ૨૯ મહાનગરપાલિકાઓમાંથી મોટા ભાગની બેઠકો પર જીત પ્રાપ્ત કરી છે.

આ જીતમાં સૌથી મહત્ત્વની સિદ્ધિ ભારતની સૌથી ધનિક પાલિકા, બીએમસી (બીએમસી) માં મેળવેલી શાનદાર જીત છે. ભાજપ અને તેનાં સહયોગીઓએ ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) પાસેથી બીએમસીની સત્તા છીનવી લીધી છે. ફડણવીસ માટે આ એક વ્યક્તિગત પ્રોત્સાહન છે! તેમને હવે યોગી આદિત્યનાથની જેમ ભાવિ વડા પ્રધાનપદના ઉમેદવાર તરીકે જોવામાં આવી રહ્યા છે. આ જીત સાથે, છેલ્લાં ૨૫ વર્ષથી બીએમસી પર સ્વર્ગસ્થ બાળાસાહેબ ઠાકરેની સંયુક્ત શિવસેનાનો જે કબજો હતો તેનો હવે અંત આવ્યો છે, ભલે પિતરાઈ ભાઈઓ ઉદ્ધવ અને રાજ ઠાકરેના પક્ષોએ બે દાયકાની કડવાશ પછી હાથ મિલાવ્યા હોય.

ભાજપની આ શાનદાર જીતનું શ્રેય ફડણવીસને જાય છે, જેમણે દરેક મહાનગરપાલિકામાં અથાક પ્રચાર કર્યો હતો. તેમણે વિજય મેળવવા માટે બધું જ દાવ પર લગાવી દીધું હતું અને તેઓ સફળ પણ થયા. ટૂંકમાં કહીએ તો, ફડણવીસ હવે 'કિંગ' છે. તેમના નેતૃત્વ હેઠળના ગઠબંધને માત્ર મુંબઈમાં જ નહીં, પરંતુ થાણે, પિંપરી-ચિંચવાડ, અકોલા, પુણે, નાગપુર, નાસિક, સોલાપુર, લાતુર, નવી મુંબઈ અને અન્ય કેટલાંક શહેરોમાં પણ ચૂંટણીમાં વિજય મેળવ્યો છે. એકંદરે, ભાજપા 29માંથી 23 મ્યુનિસિપલ સંસ્થાઓમાં આગળ હતી.

ઉદ્ધવ અને રાજ ઠાકરેએ મરાઠી મતોને એકત્રિત કરવા માટે ખૂબ પ્રયાસો કર્યા અને મરાઠી કાર્ડનો પૂરો ઉપયોગ કર્યો, પરંતુ તેઓ નિષ્ફળ રહ્યા. મુંબઈ અને અન્ય શહેરોની જનતા સારું નાગરિક શાસન ઈચ્છતી હતી અને તેમણે ભાજપ તથા તેના સાથી પક્ષો પર પસંદગી ઊતારી. ૨૦૨૨માં શિવસેનાના વિભાજન પછી આ પ્રથમ બીએમસી ચૂંટણી હતી અને તે ઉદ્ધવ અને રાજ ઠાકરે બંને માટે અસ્તિત્વની લડાઈ હતી.

તેમના પક્ષો જાહેર જનતાનું સમર્થન મેળવવામાં નિષ્ફળ રહ્યા. ઉદ્ધવ અને રાજ બંનેએ ડોર-ટુ-ડોર પ્રચાર દરમિયાન મતદારોને રીઝવવા માટે તેમના પુત્રો આદિત્ય અને અમિત ઠાકરેને મેદાનમાં ઊતાર્યા હતા, પરંતુ તેઓ સામાન્ય મતદારોને મનાવવામાં નિષ્ફળ રહ્યા હતા. મુંબઈ મેટ્રોપોલિટન રિજનનાં લોકો દરરોજ રસ્તા, પાણી પુરવઠો, પરિવહન, શિક્ષણ અને અન્ય નાગરિક સુવિધાઓ સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે.

ફડણવીસ માને છે કે, "ભાજપે વિકાસનો એજન્ડા રજૂ કર્યો હતો. અમે તેને લોકો સમક્ષ રાખ્યો અને લોકોએ સકારાત્મક પ્રતિસાદ આપ્યો. અમને ઘણી મહાનગરપાલિકાઓમાં રેકોર્ડબ્રેક જનાદેશ મળ્યો છે, જે દર્શાવે છે કે લોકો પ્રામાણિકતા અને વિકાસ ઈચ્છે છે. તેથી જ લોકોએ ભાજપને વોટ આપ્યો."

મુંબઈમાં ભાજપના નેતાઓનું કહેવું છે કે, સીએમએ મજબૂત સ્થાનિક હાજરી ધરાવતા ઉમેદવારોને પસંદ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને રસ્તા, સ્વચ્છતા અને માળખાગત સુવિધાઓ જેવા નાગરિક મુદ્દાઓ પર પ્રચાર કેન્દ્રિત રાખ્યો.

આનાથી પક્ષને એવા વિસ્તારોનાં મતદારોને આકર્ષવામાં મદદ મળી જ્યાં વિભાજન પછી શિવસેનાનો આધાર નબળો પડ્યો હતો. ભાજપના અધિકારીઓએ કહ્યું કે, પરિણામો દર્શાવે છે કે મતદારોએ એવા પક્ષને સકારાત્મક પ્રતિસાદ આપ્યો જે સ્થિર, સંગઠિત અને શહેર ચલાવવા માટે સક્ષમ જણાતો હતો.

ફડણવીસે પણ સ્થાનિક ચૂંટણીઓમાં એવી રીતે પ્રચાર કર્યો જાણે વિધાનસભા કે સંસદીય ચૂંટણી હોય. દરરોજ અનેક રેલીઓને સંબોધિત કરી હતી અને એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જઈને સુશાસન અને વિકાસને પોતાનો મુખ્ય મુદ્દો બનાવ્યો હતો. ફડણવીસે જવાબદારી લેવાનું જોખમ ઉઠાવ્યું હતું. કારણ કે, તેઓ જાણતા હતા કે ઠાકરે ભાઈઓ (ઉદ્ધવ અને રાજ) સાથે આવવાથી 'મરાઠી અસ્મિતા'નો ભાવનાત્મક મુદ્દો ઊભો થઈ શકે છે. પરિણામે, મુંબઈમાં રેલીઓને સંબોધવા માટે પીએમ નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સહિત ભાજપના કેન્દ્રીય નેતાઓને ન લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યાં સુધી કે, યુપીના સીએમ યોગી આદિત્યનાથને પણ પ્રચાર માટે આમંત્રિત કરવામાં આવ્યા ન હતા. આ ઠાકરેબંધુને ગુજરાતવિરોધી કે ઉત્તર ભારત વિરોધી પ્રચાર કરવાની તક ન મળે તે માટે એક વ્યૂહાત્મક પગલું હતું.

આ ચૂંટણીમાં પવાર પરિવારે પણ મરાઠા પ્રભુત્વ ધરાવતાં નગરોમાં પોતાની પકડ ગુમાવી દીધી છે, ભલે ભત્રીજા અજિત પવારે કાકા શરદ પવાર સાથે હાથ મિલાવ્યા હોય. બંનેમાંથી કોઈ પક્ષ મતદારોને મનાવી શક્યો નહીં.

કોંગ્રેસ પક્ષનું સતત પતન અને એઆઈએમઆઈએમનો નોંધપાત્ર ઉદય, જેણે ૧૦૦થી વધુ બેઠકો મેળવી છે, તે અન્ય સંકેતો છે. વિભાજીત વિપક્ષ અને 'હિન્દુત્વ પ્લસ વિકાસ' ફોર્મ્યુલા સાથે મળીને ભાજપને નિર્ણાયક લાભ આપ્યો છે, જેનાથી કેન્દ્ર, રાજ્ય મંત્રાલય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સત્તા સાથે 'ટ્રિપલ એન્જિન' સરકારની સ્થાપના થઈ છે.

એકંદરે, મહારાષ્ટ્રનાં શહેરો અને નગરોનાં લોકો સુશાસન ઈચ્છે છે, નહીં કે મરાઠી વિરુદ્ધ બિન-મરાઠી, હિન્દુ વિરુદ્ધ મુસ્લિમ કે ભારત વિરુદ્ધ પાકિસ્તાન વિશેની નકામી વાતો. તેઓ શાંતિપૂર્ણ જીવન જીવવા માંગે છે અને પ્રોપર્ટી ટેક્સ તથા અન્ય ટેક્સ દ્વારા જે નાણાં ચૂકવે છે તેનું વળતર સુવિધાઓના રૂપમાં ઈચ્છે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.